ગાંધીનગર સમાચાર

ગટરો ઉભરાવાથી સે-૧૩ના વસાહતીઓ ત્રાહીમામ






ગાંધીનગર શહેરની કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા મેગા ડિજીટલ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડિજીટલ કાર્નિવલમાં અંદાજીત ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં મલખમ, યોગાસન, એકઝીબીશન, ગ્રાન્ડ ડીજીટલ રંગોળી, મેજીક શો, પપેટ શો સહિત વિવિધ મોડલ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ મેગા ડિજીટલ કાર્નિવલને સફળ બનાવવા શાળાના શિક્ષક મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. જયારે શાળાના પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને સફળતાપૂર્વક મેગા ડિજીટલ કાર્નિવલ યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૨૪ પોસ્ટ ઓફિસમાં ઈન્ટરનેટના ધાંધિયાથી નાગરિકો હેરાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં આવેલ પોસ્ટ આફિસમાં ઈન્ટરનેટ બંધ છે. આજે તમારું કામ નહી થાય કાલે આવજો આવા જ જવાબો ગ્રાહકોને છેલ્લા ઘણા સમયથી સાંભળવા મળી રહ્યા છે ત્યારે સિનિયર સિટીઝનનો માટે રોજ પોસ્ટ ઓફિસના ધક્કા ખાવા મુશ્કેલીરૂપ બની ગયા છે. તો સત્વરે તંત્ર દ્વારા ઈન્ટરનેટની સમસ્યા ઝડપથી દુર કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે દરેક સેકટરમાં વસતા નાગરીકો માટે પોસ્ટ ઓફિસ તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે. જેથી સેકટરવાસીઓને પોસ્ટને લગતી તમામ કામગીરી સેકટરમાં જ સરળતાથી ઉપલબ્ધ થાય. ત્યારે છેલ્લા ઘણા સમયથી સેકટરમાં કાર્યરત પોસ્ટ ઓફિસમાં સર્વર ડાઉન અને ઈન્ટરનેટના ધાંધિયા ઉભા થાય છે. જેમાં નાગરીકોને હેરાની ભોગવવાનો વારો આવે છે. ત્યારે પોસ્ટ વિભાગ પણ અત્યારે હાલના સમયે બેંન્કીગ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેથી પોસ્ટમાં ગ્રાહકોની સંખ્યા પણ સવિશેષ જોવા મળે છે. ત્યારે સેકટર-૨૪માં છેલ્લા ઘણા સમયથી ઈન્ટરનેટ સેવાને પગલે ગ્રાહકોને હેરાન થવાનો વારો આવ્યો છે. ત્યારે કર્મચારીઓ સર્વર ડાઉન છે, કાલે આવજો, અત્યારે કામ નહી થાય જેવા જવાબો સાંભળવા મળે છે. ત્યારે સેકટર-૨૪ના રહીશો રોજ પોસ્ટની કથળતી જતી સેવાથી હેરાન થઈ ગયા છે. ત્યારે પોસ્ટની ઈન્ટરનેટ સેવા કાર્યરત થાય અને ગ્રાહકોના કામ ઝડપી બને તેવા પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## હોસ્પિટલના સરકારી આવાસનો દુરઉપયોગ

### નવા કર્મચારીઓ માટે આવાસ નથી જયારે રીટાયર્ડ કર્મચારી આવાસ ખાલી કરતા નથી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા સરકારી આવાસની માંગણી કરવામાં આવે છે. પરંતુ હોસ્પિટલ તંત્ર પાસે ખાલી મકાનો ન હોવાથી નવા કર્મચારીઓને મકાન મળતા નથી. ત્યારે હોસ્પિટલમાં ફરજ બજાવતા વયનિવૃત કર્મીઓ મકાન ખાલી કરતા નથી અને અડીંગો જમાવીને બેઠા છે.

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં સરકારી કર્મચારીઓની તાજેતરમાં ભરતી કરવામાં આવી છે. આ કર્મચારીઓમાં મોટાભાગના કર્માચારીઓ જિલ્લા બહારના છે. આવા કર્મચારીઓને રોજ આવન જાવન કરવુ પડે છે. કર્મચારીઓ દ્વારા મકાન માટે અરજી કરવામાં આવી છે પરંતુ મકાન ખાલી નથી તેવા જવાબો સાંભળવા મળે છે. જેને અનુલક્ષી કર્મચારીઓને ખાનગી મકાનમાં રહેવાની ફરજ પડે છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે તંત્ર દ્વારા હોસ્પિટલ સંકુલમાં જ રહેણાંક મકાનો તૈયાર કરાયા છે. જેમાં હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓને સરકારી ભાડાપટ્ટે મકાન ફાળવવામાં આવે છે. પરંતુ સરકારી નોકરીમાંથી નિવૃત થયેલા કેટલાક કર્મચારીઓ મકાન ખાલી કરતા નથી અને મકાનમાં અડીંગો જમાવીને બેઠા છે. અને જયારે કેટલાક કર્મીઓએ મકાન અંદરના કર્મચારીઓને ભાડે આપ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મકાનોમાં કેટલાક કર્મચારીઓ દ્વારા ગંદકી પારાવાર કરવામાં આવે છે જેથી અન્ય કર્મચારીઓને પણ ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. ત્યારે હોસ્પિટલમાં કામ કરતા કર્મચારીઓને સત્વરે સંકુલમાં સરકારી રહેણાંક મકાન મળે તે માટે પ્રયત્નો હાથ ધરાય તેવું ઈચ્છી રહ્યા છે.

## ફુલ સુંઘાડીને યુવાનની વીંટી સેરવી ગયેલા બંને બાવા પકડાયા

ગાંધીનગર, તા.૨૦



શહેરના સે-૨૩ પાસેથી પસાર થઈ રહેલા એક યુવાનને ઉભો રાખી ગાડીમાં બાવાના વેશમાં આવેલા બે શખ્સોએ ફુલ સુંઘાડીને અર્ધબેભાન કરી દીધો હતો યુવાન ભાનમાં આવ્યો ત્યારે જોયું તો બંને બાવાઓ ફરાર હતા અને હાથમાંથી સોનાની વીંટી ગાયબ હતી. આ મામલે યુવાને સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે કેમેરા તપાસી ગાડીનો નંબર મેળવી દહેગામના બંને શખ્સોની ધરપકડ કરી લીધી છે.

સેકટર-૨૯ પ્લોટ નં. ૩૯૫/૧ ખાતે રહેતો યુવાન પ્રિતેશ પ્રવિણભાઈ પટેલ સે-૨૩ કડી સ્કુલ નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે વેગનઆર ગાડીમાં બાવાના વશમાં બે શખ્સો ઘ માર્ગ પરથી આવ્યા અને એકે યુવાનને કહ્યું કે ‘બેટા યે રાસ્તા દિખાના..’ પ્રિતેશે રસ્તો બતાવ્યો એટલે એક બાવાએ કહ્યું કે ‘તુને બાવાકો રાસ્તા દિખાયા હૈ, બાવા ભી તુજે રાસ્તા દિખાયેગા’ એમ કહી એક ફુલ સુંઘવા માટે આપ્યું. પ્રિતેશે ફુલ સુંઘ્યું એટલામાં અર્ધબેભાન થઈ ગયો હતો. ભાનમાં આવ્યો ત્યારે તેની સોનાની વીંટી અને તે બંને બાવાઓ ગાયબ હતાં. પોલિસ ફરિયાદને આધારે સે-૨૧ પી.આઈ. મીની જોષેફ તથા તેમની ટીમે સીસીટીવી તપાસીને વેગનઆરનો નંબર મેળવી બંનેની ધરપકડ કરી લીધી છે. દહેગામના ગણેશપુરા ખાતે રહેતા ધારૂનાથ મંગાનાથ મદારી અને દેવનાથ રાજાનાથ મદારીની ધરપકડ કરી લઈ કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૨૩ તારીખ સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે વધુ પુછપરછ શરુ કરી છે.

## @ગાંધીનગર

- પંચમ સોપાન સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન બપોરે ૩.૦૦ કલાકે સે-૨૧ વૈજનાથ મંદિર પાસે સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે તેમજ ૮.૦૦ કલાકે નિકાલ ગામે પણ સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.
- જલારામ ધામ સે-૨૯ ખાતે લોહાણા યુવા સંગઠન દ્વારા સાંજે ૫.૦૦ કલાકે ભજન-સત્સંગનો કાર્યક્રમ યોજાશે.
- વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧ ખાતે બપોરે ૩.૦૦ કલાકે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાશે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૨ અને ૩નો સેવા સેતુ કાર્યક્રમ સે-૨૨ નવરાત્રી ચોક ખાતે સવારે ૯ થી ૫ દરમિયાન યોજાશે.

### તમે તમારા આત્માને પ્રેમ કરો

## ‘સોલ હિલીંગ’ વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦

લાયોનેસ કલબ ગાંધીનગર તથા જૈન સોશ્યલ ગૃપ સંગીની દ્વારા તા. ૧૮મીન



રોજ સે-૧૯ના જીમખાનામાં (સોલ હિલીંગ) soul healing વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા સેમિનારનું સૌ પ્રથમવાર ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ‘તમે તમારા આત્માને પ્રેમ કરો’ તથા તેના રહસ્ય અંગેની માહિતી આપવામાં આવી હતી. યોગના જાણકાર દર્શનાબેન પંડયાના સહકારથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો લાભ લાયોનેસ તથા સંગીની ગૃપની ઘણી બહેનોએ લીધો હતો. જેમાં માસ્ટર પ્રિન્સ તથા માસ્ટર સિમરને સોલ હિલીંગ પર સમજણ આપી હતી. પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મિત્તલ રાણા તથા અન્ય બહેનોએ આ સેમિનારનો લાભ લીધો હતો.

## ગટરો ઉભરાવાથી સે-૧૩ના વસાહતીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની ઓળખ આજે વિશ્વના નકશામાં સ્થપાવા લાગી છે. દેશ સ્વચ્છતા જાગૃતિ માટે અનેક પ્રયત્નો કરી રહ્યો છે ત્યારે ગાંધીનગરમાં સ્વચ્છતા માટે લોકો ત્રાસ ભોગવી રહ્યા છે. ગાંધીનગર સે-૧૩-એમાં ગટરો ઉભરાવાનો ત્રાસ અત્યંત વધી ગયો છે. જેની વારંવાર ફરિયાદ કરવા છતાં તેનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. વસાહતીઓનું કહેવું છે કે સે-૩માં ઈન્કવાયરી ઓફિસ છે તે ગટરની સાફ સફાઈમાં સતત નિષ્ફળ રહી છે અને છેલ્લા ૧૫ દિવસથી ઉભરાતી આ ગટરોથી રહેવાસીઓમાં આક્રોશ છલકાયો હતો અને પરાણે જો સફાઈ કામદાર આવે તો બીજી ગટરો પણ ઉભરાતી કરી દે છે તેવા આક્ષેપો પણ રહેવાસીઓ દ્વારા કરવામાં આવ્યા હતા.

## ટ્રકની ટક્કરથી ફંગોળાયેલું બાઈક બેફામ જતી કારમાં ઘુસી ગયું...!

### બાઈકચાલક યુવાનનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મૃત્યુ : અડાલજ-ઉવારસદ માર્ગ પર રાત્રે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૨૦

અડાલજ-ઉવારસદ માર્ગ પર ગઈ રાત્રે જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. બાઈક લઈને જઈ રહેલા એક યુવાનને અકસ્માત નડયો હતો. સડસડાટ જતી ટ્રકની ટક્કરથી બાઈક ફંગોળાઈને પાછળથી બેફામ આવતી કારમાં ઘુસી ગયું હતું. આ ડબલ ટક્કરથી ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે મૃતકના મામાની ફરિયાદ લઈ વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતો સાર્થક નામનો યુવાન ગઈ રાત્રે પોતાનું બાઈક લઈને અડાલજ-ઉવારસદ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન ધસમસતી આવતી ટ્રક નં. જીજે ૧૧ ઝેડ ૬૮૦૦ના ચાલકે બાઈકને ટક્કર મારતા સાર્થક બાઈક સાથે ફંગોળાયો હતો અને પાછળથી આવતી ઈન્ડીકા ગાડીમાં બાઈક સાથે સાર્થક ઘુસી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટનામાં સ્થળ પર જ સાર્થકનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઘટનાની જાણ પોલીસને થતા અડાલજ પીએસઆઈ મેટલીયા સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના મામા દેવાંગભાઈ કુમારપાલ વોરાની ફરિયાદ લઈ વધુ તપાસ શરુ કરી છે. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા વાહનચાલકોને પકડવા પોલીસે તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે આગામી ૨૬મી જાન્યુઆરી ૨૦૧૭ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ધો-૬ થી ૮માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સ્વ-જાગૃતિ અને સ્વ-રક્ષણ અંગે પરિસંવાદ

### જયોતિ મહિલા મંડળ અને વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા યોજાયેલ પરિસંવાદમાં આઈપીએસ મંજીતા વણઝારાની રસપ્રદ વાત

ગાંધીનગર, તા.૨૦

જયોતિ મહિલા મંડળ અને વુમન ડેવલોપમેન્ટ સેલ-કડી સંકુલ દ્વારા આર.જી. કન્યા શાળા સે-૨૩ ખાતે સ્વ-જાગૃતિ અને સ્વ-રક્ષણ અંગે આસીસ્ટન્ટ પોલિસ કમિશનરશ્રી મંજીત વણઝારા સાથે પરિસંવાદ યોજાયો હતો. જેનો લાભ ૧૨૦૦ જેટલી દિકરીઓએ ઉપસ્થિત રહીને લીધો હતો. જરૂરી આવશ્યક માહિતીની જાણકારી પ્રો. માધવી ઉપાધ્યાયે આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે પ્રા. માધવી ઉપાધ્યાયે દિકરીઓને ભણીને ઉત્તમ કારકિર્દી ઘડવા આહવાન કર્યું હતું. અધવચ્ચેથી અભ્યાસ ન છોડવા સમજણ આપી હતી. દિકરીઓ ઉત્તમ સમાજનું ઘડતર કરી શકે તેવી તાકાત ધરાવે છે.




આધુનિક ફિલ્મોનું આંધળું અનુકરણ ન કરી તેમાં સારી બાબતો ગ્રહણ કરવા પર ભાર મૂકયો હતો.

પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીનીઓ સાથે આઈપીએસ મંજીતા વણઝારાએ ચીલાચાલુ કારકિર્દી નહીં બનાવતા પોલીસ વિભાગમાં જોડાઈને આઈપીએસ અને ઉચ્ચ પોલીસ અધિકારી બની રાષ્ટ્રની સેવા કરવા હાકલ કરી હતી. સ્ત્રીઓની આંતરિક શકિતઓથી અવગત થવા સલાહ આપી હતી અને મુશ્કેલીના સમયમાં તાત્કાલીક હેલ્પલાઈન ડાયલ કરી મદદ મેળવવા શીખ પણ આપી હતી. ઉપરાંત સ્વ-બચાવ અન સ્વ-જાગૃતિને લગતા અનેક પ્રશ્નો જેવા કે એકલા હોઈએ અને કોઈ મદદ જોઈએ અને મોબાઈલ ન હોય તો શું કરવું? આઈપીએસ બનવા કઈ પરીક્ષા આપવી કેવી રીતે તૈયારી કરવી? વગેરે તેમજ નારીના પોશાકની સભાનતા માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ પ્રાપ્ત કર્યા હતા.

આ કાર્યક્રમમાં આર.જી. કન્યા વિદ્યાલયના આચાર્ય સુધાબેન પટેલ, પોલીસ વિભાગના આયોજન ઓફિસર વાલેરા સાહેબ, લતાબેન ચોકસી તથા ડૉ. ચેતના બુચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે મુખ્ય મહેમાન સાથે મંજીતા વણઝારા વિદ્યાર્થીનીઓને મળીને ભાવવિભોર બનીને વિદાયમાન થયા ત્યારે ફરી આવવા માટે વિદ્યાર્થીનીઓ દ્વારા નારા લગાવાયા હતા.

## નિવૃત્ત કર્મચારી મંડળની ૨૨મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની ૨૮મી વાર્ષિક સભા તા. ૨૨મી જાન્યુઆરીને રવિવારના રોજ યોજાશે. જેનો સમય સવારે ૮.૩૦ કલાકે અને સ્થળ ૪૧ કડવા પાટીદાર વાડી માણસા રિદ્રોલ રોડ ખાતે રાખેલ છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા મંડળના પ્રમુખ કે.બી. વ્યાસ તથા બી.એમ. ચાવડા (નિયામક હિસાબ-તિજોરી) ગાંધીનગર ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ પ્રસંગે શ્રધ્ધાંજલી અને ૬૫ વર્ષના વયસ્કોનું સન્માન કરવામાં આવશે. મંડળ હાલ ૧૦૯૦ સભ્યો ધરાવે છે ત્યારે તાલુકાના તમામ પેન્શનરો-ફેમીલી પેન્શનરોએ ઉપસ્થિત રહેવા પ્રમુખ-મંત્રી-કારોબારી સભ્યો દ્વારા જણાવાયું છે.

## ત્રિદલ સંસ્થાના ઉપક્રમે વાર્તાલાપ

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાના ઉપક્રમે ૨૨મી જાન્યુઆરીએ ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧-ગાંધીનગર ખાતે સાંજે ૪.૦૦ કલાકે જાણીતા સાહિત્કાર સુશ્રી પ્રજ્ઞા પટેલ ‘હિમાલયની મારી સાહસ યાત્રા’ વિષયે વાર્તાલાપ આપશે. સંસ્થાના સભ્યશ્રીઓ, સર્જકો, ભાવકો અને રસ ધરાવતાઓને ‘ત્રિદલ’ સંસ્થાના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીએ આમંત્રણ પાઠવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. વિજયસિંહ શિવસિંહ વાઘેલા, ઉ.વ. ૫૫
- સ્વ. શારદાબેન પુરુષોત્તમ નાયક, ઉ.વ. ૭૯
- સ્વ. મંગાભાઈ બબાભાઈ તુરી, ઉ.વ. ૬૩
- સ્વ. કનુભાઈ શકરાભાઈ ઠાકર, ઉ.વ. ૬૭